# Fun with Family

Day-38 | 06 May, 2020



## "FWF Song"

વાત સૌને એક પૂછું હું,
જલ્દી કહો એનો જવાબ શું?
શું છે એ જે ગમે સહુને,
જુએ રાહ જેની સૌ મળીને.
જેનાથી છુટ્યા મોબાઇલ-ટી.વી.,
જેનાથી ઘરમાં વધી યુનિટી.
બોલો.... બોલો... કોણ છે એ?...
એ છે અમારું fun with family.



## "મનગમતું નામ"

આજનો દિવસ Special બનાવીશું... આજે ઘરના દરેક સભ્યો પોતાનું મનગમતું નામ રાખી શકશે... અને ઘરના બધા સભ્યોએ તે નવા નામથી જે તે સભ્યને બોલાવવાના રહેશે...

દા.ત.

પપ્પાનું સાચું નામ - રોહિતભાઈ
મનગમતું નામ - મહારાજા

બહેનનું સાચું નામ - જીનલ
મનગમતું નામ - ભક્તિ

અને મનગમતું નામ હાથ ઉપર લખી દેવાનું રહેશે.
જેથી દરેક સભ્યોને ખબર પડે...
શરમાશો નહિ... ખૂબ મજા આવશે...
બધા માટે Golden Chance છે.




## ‘‘અદ્‌ભુત રમત’’

બાળમિત્રો, હવે આપણે BAPS ની પ્રખ્યાત રમત રમીશું...
રમતનું નામ છે... ‘‘શ્રીજી કહે...’’
લીંક દબાવો અને ઘરના સહુ સભ્યો ઓડિયો દ્વારા આજ્ઞા પ્રમાણે રમત રમો...

https://bit.ly/3c94Swy






## “My Bio-Data”

મો...ટી કંપનીમાં નોકરી માટે જઈશું ત્યારે Bio-Data આપવો પડશે... ચાલો, આજે તે પણ શીખીએ... લીંક દબાવો અને Bio-Data નું ઉદાહરણ જોઈ તે પ્રમાણે પોતાનો Bio-Data બનાવો...

https://bit.ly/2KZvYdM

## ‘‘આ તો ખુબ અગત્યનું...’’

આજે મમ્મી/પપ્પાની મદદથી ઘરમાં રહેલ 5 વસ્તુનાં Ingredients વાંચીશું...(દા.ત. બિસ્કીટ, ટુથપેસ્ટ) દરેક વસ્તુની પાછળ જે તે વસ્તુ શેનાથી બની છે તે લખેલું હોય છે... જે જાણવું ખૂબ જ અગત્યનું હોય છે...

બાળમિત્રો, દરેક વસ્તુ જમતાં પહેલા જો Ingredients વાંચી લઈએ તો આપણા નિયમ-ધર્મ સારી રીતે પાળી શકાય છે...




**Ingredients:** soft wheat flour, sugar, fat, and water. They are mixed with other minor ingredients (such as baking powder, skimmed milk, emulsifier and sodium metabisulphite) to form dough containing a well- developed gluten network.

## "Sorry, Sorry, Sorry"

ઘરમાં ક્યારેક નાના-મોટા ઝઘડા થયા હશે... ક્યારેક કોઈના વર્તનથી કોઈક દુ:ખી થયું હશે... તો... આજે ઘરના બધા સભ્યો અત્યાર સુધીની પોતાની દરેક ભૂલ માટે એકબીજાને "Sorry Letter" લખશે...પણ હા... જે તે સભ્યને ખાનગીમાં પત્ર મળે તેમ કરવાનું છે... બધાને Good Luck...






## "મમ્મીને આરામ"

બાળમિત્રો, આજે મમ્મીને થોડો આરામ મળે તેવું કરીશું... બપોરે અને રાત્રે બધા સભ્યો જમી લે, ત્યારબાદ વાઈન્ડઅપ અને વાસણ ધોવાની સેવા આપણે કરીશું...

મમ્મી રાજી-રાજી થઈ જશે...

## "Stick Race"

તૈયાર છો રમત રમવા...??...
જલ્દી લીંક દબાવો...
અને રમત શીખો...

https://bit.ly/3fr6803




## “Good Expressions”


અહીં આપેલા “Facial Expressions” કયો ભાવ દેખાડે છે તે કહી દેખાડો...?? મોઢું દોરીશું અને પછી નીચે હાવ-ભાવ લખીશું...

દા.ત.



ખુશ





## “Good Habit”



બાળમિત્રો, આજથી કાયમ માટે આપણે પાણી ઉપરથી પીશું...

ગ્લાસ મોઢાને અડાડીશું નહિ...

ઘરના દરેક સભ્યમાં આ ટેવ તો હોવી જ જોઈએ... સ્વામીશ્રી ખૂબ રાજી થશે...

https://bit.ly/3c7geRZ

## "QUIZ TIME"

સ્થિર થઇ... ગંભીર થઇ... શિસ્તથી...
QUIZ રમો...

https://bit.ly/2yo5wrE | Guj.

https://bit.ly/2z9BpEm | Hin.

https://bit.ly/35z080R | Eng.





## "Blowing Cone"

Ready... Steady...
Play...
લીંક દબાવો અને રમત
શીખો...

https://bit.ly/3b4eV4J

## "I Love BAPS"


આજે એક Challenge છે...
કોઇપણ વસ્તુમાંથી BAPS નો Logo
તૈયાર કરો...
જોઇએ... કોણ કેટલું creative છે...
Hint: કલર, રૂ, કાગળ, વગેરે...



## "My Guru, My Life"

બાળમિત્રો, અહીં સ્વામીશ્રીએ આપણા માટે એક મેસેજ ફોટો દ્વારા મોકલ્યો છે... પણ હવે તમે આના જવાબમાં સ્વામીશ્રીને શું કહેશો...??... પણ યાદ રહે જવાબ ફોટો દ્વારા જ આપવાનો છે...

તમારો જવાબ અમને મોકલી આપો... અમે તે જવાબ સ્વામીશ્રી સુધી પહોંચાડીશું...



FWF Challenge

# “Once Upon A Time”

ના

વિજેતા બન્યા છે...



## નામઃ શિવમ અરોરા

## શહેરઃ દિલ્હી

# ખૂબ ખૂબ અભિનંદન...

શિવમભાઈનો પ્રસંગ જોવા માટે નીચેની લીંક દબાવો.


https://bit.ly/2z2SSxW

Fun with Family

# Funny Express

**Qus:** What is green, has eight legs and would kill you if it fell on you from out of a tree?
**Ans:** A billiard table.





**Qus:** What did the alien say to the petrol pump?
**Ans:** Why have you got your finger stuck in your ear?


**Son:** Dad, we're collecting for the new swimming pool at school.
**Dad:** Hang on, I'll get you a glass of water!





**Teacher :** Do you file your nails Billy?
**Billy :** No, I just throw them away!

**Qus:** What kind of rabbit can jump higher then a house?
**Ans:** Any kind of rabbit because houses can't jump.






**Qus:** What were Tarzan's last words?
**Ans:** Who greased the vine?

**Qus:** What is a good cure for a runny nose?
**Ans:** A tap on the nose.



# મૂર્ખની મિત્રતા

## Story Time



એક હતો રાજા. તે એકવાર ફરવા નીકળ્યો. રસ્તામાં તેણે એક ઘાયલ વાંદરાના બચ્ચાને રડતું જોયું. વાંદરાનું દુઃખ જોઇ રાજાને ખૂબ દયા આવી.



રાજા વાંદરાના બચ્ચાને મહેલમાં લઈ આવ્યો. બચ્ચાને પગે વાગ્યું હતું. રાજાએ તેની દવા કરાવી. બચ્ચું સાજું થઇ ગયું અને રાજા સાથે રોજ રમવા લાગ્યું.



રાજાને ખૂબ મજા પડી. પણ મંત્રીએ કહ્યું, 'રાજન્ ! પશુની આવી દોસ્તી ન હોય. આપ બચ્ચાને છોડી દો.' પણ રાજા માન્યા નહીં અને વાંદરાને સાથે ને સાથે રાખવા લાગ્યા.

બાળમિત્રો, અહીં આપેલી વાર્તા આપણે આજે તૈયાર કરવાની છે અને Action સાથે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.

એક બપોરે રાજા વાંદરાને કહે, 'જો સાંભળ ! હું ઊંઘી જાઉં છું. તું ધ્યાન રાખજે.' એમ કહી રાજા સૂઈ ગયા. વાંદરું જાગતું રહ્યું. ચોકી કરવા લાગ્યું.





એવામાં ઊડતો-ઊડતો એક ભમરો આવ્યો. વાંદરાએ રાજા પાસે પડેલી તલવાર લીધી અને સટાક્ દઈને ભમરા પર વીંઝી. ભમરો તો ઊડી ગયો, પણ તલવાર રાજાના નાક પર વાગી.

રાજા ચીસ પાડીને જાગી ગયો. જોયું તો નાકમાંથી લોહી નીકળતું હતું. તેણે વૈદ્ય પાસે નાકની સારવાર કરાવી અને પહેલું કામ વાંદરાના બચ્ચાને વિદાય આપવાનું કર્યું.



બોધ : વાંદરાનું બચ્ચું તો દૃષ્ટાંત છે, પણ આપણે મૂર્ખ માણસની મિત્રતા કરવી ન જોઈએ. નહીંતર ક્યારેક ફસાવાનો વારો આવે. આવા મિત્રો રમત-ગમત, ટી.વી., ફેલફતૂરમાં પાડે છે, પણ અંતે આપણને ખૂબ નુકસાન પહોંચાડે છે.

**યાદ રાખજો આ વાર્તા આજે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**
























**Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...**
**"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં**
**રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...**
**તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા**
**ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...**
**નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.**

https://bit.ly/2ytTyMU



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



**ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.**



**ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.**



**દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.**



**ઘરની બહાર નીકળવું નહિ.**



**આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.**

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. ( 9998999209)

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી કે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org


પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ